# દાંડી કુચ અને ગાંધીજી એક અભ્યાસ

**સંજયકુમાર જયંતિભાઈ પટેલ**

આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સમી,

તા-સમી, જિ-પાટણ, ગુજરાત

સવિનય આજ્ઞાભંગ ચળવળ એ શાસક સંસ્થાનવાદી સરકાર સામે મહાત્મા ગાંધીની આગેવાની હેઠળની ભારતીય સ્વતંત્રતા સંગ્રામનો એક મહત્વપૂર્ણ ભાગ હતો. માર્ચ 1930 માં, યંગ ઈન્ડિયાના અખબારમાં રાષ્ટ્રને સંબોધિત કરતી વખતે, ગાંધીએ તેમની અગિયાર માંગણીઓ સરકાર દ્વારા સ્વીકારવામાં આવે તો આંદોલનને સ્થગિત કરવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ લોર્ડ ઈર્વિનની સરકારે તેમને કોઈ જવાબ આપ્યો ન હતો. પરિણામે તેમણે આ ચળવળ પૂરા ઉત્સાહ સાથે શરૂ કરી. આ ચળવળની શરૂઆત 12 માર્ચ 1930 ના રોજ ગાંધીજીના નેતૃત્વમાં સાબરમતી આશ્રમથી ગુજરાતના દાંડી ગામ સુધીની દાંડી કૂચથી થઈ હતી. દાંડી પહોંચ્યા પછી ગાંધીજીએ મીઠાનો જે કાયદો હતો એને તોડી રજૂઆત કરી હતી કે 'મેને નમકકા કાનૂન તોડ દિયા. લંડનમાં યોજાયેલી પ્રથમ ગોળમેજી પરિષદની નિષ્ફળતા અને અસહકાર ચળવળના વ્યાપે સરકારને સ્પષ્ટ કરી દીધું કે ભારતની રાજકીય સમસ્યાનો ઉકેલ કોંગ્રેસ અને ગાંધી વિના સરળ નથી. તેથી જ લોર્ડ ઈરવિને મધ્યસ્થી દ્વારા ગાંધીજી સાથે સમાધાનની વાટાઘાટો શરૂ કરી. ગાંધીજી 26 જાન્યુઆરી, 1931ના રોજ જેલમાંથી મુક્ત થયા હતા. ઈરવિન અને ગાંધીજી વચ્ચે 17 ફેબ્રુઆરીથી દિલ્હીમાં વાતચીત શરૂ થઈ. 5 માર્ચ, 1931ના રોજ ગાંધી-ઇર્વિન સંધિ (દિલ્હી કરાર) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધીજીએ ગુલામીની ઝપેટમાં આવી રહેલા ભારત દેશને આઝાદ કરાવવા માટે અનેક આંદોલનો શરૂ કર્યા હતા. તેમણે અંગ્રેજોની ક્રૂર નીતિઓ સામે માર્ચ અને એપ્રિલ 1930 વચ્ચે દરિયા કિનારે મીઠું બનાવવાના ઉદ્દેશ્ય સાથે તેમના કેટલાક સાથીઓ સાથે પગપાળા દાંડી કૂચ અને મીઠાના સત્યાગ્રહની શરૂઆત કરી હતી. હકીકતમાં ક્રૂર બ્રિટિશ સરકારે ભારતીયોને મીઠું બનાવવા અને વેચવા પર પ્રતિબંધ મૂકવાની સાથે તેની ખરીદી પર ભારે ટેક્સ લાદ્યો હતો. જે બાદ ગાંધીજીએ અંગ્રેજોની આ નીતિનો વિરોધ કરીને દાંડી કૂચ શરૂ કરી હતી. તે જ સમયે તેમના આ પગલાએ સવિનય અસહકાર ચળવળનો પાયો નાખ્યો હતો. જો કે આ કારણે ગાંધીજી અને તેમના સાથીઓને જેલની સજા પણ ભોગવવી પડી હતી. એટલું જ નહીં, તેમના આ અહિંસક આંદોલને હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું, કારણ કે મીઠાના સત્યાગ્રહની વ્યાપક અસર જોઈને ગુસ્સે ભરાયેલા અંગ્રેજોએ ગાંધીજીના આ આંદોલનને રોકવા વિરોધીઓ પર ગોળીબાર, લાઠીચાર્જ કરીને ક્રૂર વર્તન કર્યું હતું, જેના કારણે રોષ ફેલાયો હતો. અને સમગ્ર દેશમાં હિંસાનું વાતાવરણ સર્જાયું હતું. આ જોઈને તત્કાલિન વાઈસરોય લોર્ડ ઈરવિને મહાત્મા ગાંધી સાથે શાંતિપૂર્ણ મંત્રણા કરવાનું નક્કી કર્યું અને વર્ષ 1931માં ગાંધીજીને જેલમાંથી મુક્ત પણ કરાવ્યા. આ પછી, ભગવાન ઇર્વિન અને મહાત્મા ગાંધી વચ્ચે કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ અને શરતો પર શાંતિપૂર્ણ રીતે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. જે ગાંધી-ઇર્વિન સંધિ અને દિલ્હી સંધિ તરીકે ઓળખાય છે.

તો ચાલો જાણીએ ગાંધી-ઇર્વિન સંધિની મહત્વની શરતો અને મુખ્ય મુદ્દાઓ જે નીચે મુજબ છે- ગાંધી-ઇર્વિન સંધિની મહત્વની શરતો - ગાંધી ઇર્વિન સંધિની શરતો ગાંધી ઇરવીન કરાર હેઠળ, લોર્ડ ઇરવિને નીચેની શરતો સ્વીકારી હતી: આ કરાર પછી લોર્ડ-ઇરવિને ભારતીયોને દરિયા કિનારે મીઠું બનાવવાનો અધિકાર આપ્યો હતો. ગાંધી-ઇર્વિન કરાર હેઠળ, લોર્ડ ઇરવિને એ શરત સ્વીકારી હતી કે હિંસાના આરોપમાં જેલમાં બંધ નિર્દોષ રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવશે, તેમજ હિંસક કેસો સિવાયના તમામ રાજકીય કેસો પાછા ખેંચવામાં આવશે. આ કરાર હેઠળ કોંગ્રેસના કાર્યકરોની જપ્ત કરેલી સંપત્તિ સત્યાગ્રહીઓને પરત કરવાની શરત પણ સ્વીકારવામાં આવી હતી. આ કરાર પછી ઇરવિને ભારતીયોને શાંતિપૂર્ણ રીતે દારૂની દુકાનો અને વિદેશી કપડાં બંધ કરવાની મંજૂરી આપી. લોર્ડ ઇરવિને આ કરાર હેઠળ શરત સ્વીકારી હતી કે સંસ્થાઓને ગેરકાયદેસર ઘોષિત કરવાના આદેશો રદ કરવામાં આવશે અને જે લોકોએ સરકારી નોકરીમાંથી રાજીનામું આપ્યું છે તેઓને પરત લેવામાં સરકાર ઉદારતા દાખવશે. લોર્ડ ઈરવિને આ કરાર હેઠળ કોંગ્રેસ પર લાદવામાં આવેલા ઘણા નિયંત્રણો દૂર કરવાની શરત સ્વીકારી હતી. ઈરવીન-ગાંધી કરાર હેઠળ, ઈરવિન જારી કરાયેલા તમામ વટહુકમ પાછી ખેંચવા અને તમામ હિલચાલનો અંત લાવવા સંમત થયા. ગાંધી-ઇર્વિન સંધિ પછી, ગાંધીએ તેમના દ્વારા શરૂ કરાયેલ સવિનય અસહકાર ચળવળને સ્થગિત કરવાની શરત સ્વીકારી હતી. આ કરાર હેઠળ, ગાંધી કોંગ્રેસની બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા માટે સંમત થયા હતા. આ કરાર હેઠળ ગાંધીજીએ શાંતિપૂર્વક શરત સ્વીકારી હતી કે કોંગ્રેસ ભવિષ્યમાં બ્રિટિશ માલસામાનનો બહિષ્કાર અને વિરોધ નહીં કરે. આ કરાર હેઠળ ગાંધીજીએ એ શરત પણ સ્વીકારી હતી કે તેઓ અંગ્રેજ પોલીસની ખોટી નીતિઓ અને અન્યાય સામે ન્યાયી ન્યાયિક તપાસની માંગણી પાછી ખેંચી લેશે. આ કરાર હેઠળ ગાંધીજીએ પણ જો કોંગ્રેસ આ કરારનું પાલન ન કરે તો સરકારને યોગ્ય પગલાં લેવાનો અધિકાર આપવાની શરત સ્વીકારી હતી.

ગાંધીજીના જીવનના મુખ્ય ત્રણ મહત્વના આંદોલનો હતા. અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ આંદોલન અને હિંદ છોડો આંદોલન જેમાં દાંડીકુચ એ વિશ્વ ઇતિહાસની એક વિરલ ઘટના હતી. તે સમયે એમ મનાતું હતું કે આ કુચ થાય એ પહેલા જ બાપુની ધરપકડ થઇ જશે તેથી દાંડીકુચની આગલી રાતે લોકોની ચહલ પહલ અને ભારે ભીડ સાબરમતી આશ્રમ પર રહી હતી પરંતુ બાપુ ત્રણ વાગ્યે ઉઠી નિત્યક્રમમાં લાગી ગયા હતા સવારે ૪:૧૫ પ્રાર્થના શરુ થઈ એ પછી એ દર્દીઓને મળવા ગયા એ સમયે શીતળાનો રોગ પ્રસરેલો હતો આશ્રમના ફળિયામાં જ ઘણા બાળકો તેનાથી પીડિત હતા. આ બધા બાળકોના ખબર અંતર પૂછ્યા અને ત્યારબાદ જ તેમણે દાંડી યાત્રાની શરૂઆત કરી. ૧૨મી માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ સાબરમતી આશ્રમમાંથી આ કુચ કરી હતી. બાપુ આશ્રમ છોડ્યા બાદ ક્યારેય પાછા આવ્યા નહોતા જેથી આ દાંડી કૂચના પ્રસંગને મહાદેવભાઈ દેસાઈએ મહાભિનિષ્ક્રમણ પ્રસંગ તરીકે ઓળખાવ્યો હતો. જે રીતે ગૌતમ બુદ્ધે જન સમાજ અને જગતના કલ્યાણ માટે ગૃહત્યાગ કર્યાનો પ્રસંગ મહાભિનિષ્ક્રમણ તરીકે

ઓળખાય છે તેમ પૂજ્ય બાપુએ પણ બ્રિટીશ સામ્રાજ્યની બદતર દશામાંથી માં ભારતીને મુક્ત કરવા પોતાના આઝાદીની ચળવળના હેડક્વાર્ટર સમા સાબરમતી આશ્રમને છોડ્યો જ્યાં પછીથી તેઓ ક્યારેય પરત ન આવી શકયા. દાંડી કુચમાં રસ્તામાં અનેક ગામો આવ્યો આ બધી જગ્યાએ ગાંધીજીએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો તેમજ તેમના રચનાત્મક કાર્યો ખાદી, સ્વચ્છતા અને સ્વદેશીનો પ્રચાર-પ્રસાર કર્યો લોકોમાં ખૂબજ જાગૃતિ જોવા મળી હતી. ૫ મી એપ્રિલે દાંડી મુકામે બાપુ પહોંચી ગયા છઠ્ઠી તારીખે વહેલી સવારે સાડા છ વાગ્યે ગાંધીજીએ સમુદ્રસ્નાન કરી મીઠાના અન્યાયી કાયદાનો ભંગ કર્યો અને કીધું કે ‘મેને નમક કા કાનુન તોડ દિયા’ અને એમ પણ કીધું કે હું બ્રિટીશ સામ્રાજ્યની ઈમારતમાં લૂણો લગાડું છું.

1930 ના 'નમક સત્યાગ્રહ' આઝાદીની અહિંસક લડાઈના ઇતિહાસમાં એક અત્યંત મહત્વપૂર્ણ પ્રકરણ હતું. આટલા વિશાળ પાયા પર દેશે તે પહેલાં કદી અહિંસક પ્રતિકારનો પ્રયોગ કર્યો નહોતો. દુનિયાના ઇતિહાસમાં પણ એનો જોટો જડે એમ નથી. ભારતના ઇતિહાસમાં ત્યાર પહેલાં અને ત્યાર બાદ પણ ક્યારેય અહિંસા આટલી સક્રિય અને કારગત નીવડેલી નહીં મળે. ગાંધીજીએ પણ કહ્યું હતું કે-

" હું જાણું છું કે અહિંસાત્મક લડત ઉપાડવામાં ગાંડું સાહસ કહી શકાય એવું જોખમ હું ખેડી રહ્યો છું. પણ ગંભીરમાં ગંભીર જોખમો ખેડ્યા વિના સત્યનો જય થયો નથી. જે પ્રજા પોતાના કરતાં વધારે મોટી અને પ્રાચીન, અને એટલી જ સંસ્કારી પ્રજાનો જાણ્યે-અજાણ્યે નાશ કરી રહી છે, તે પ્રજાનો હૃદયપલટો કરવા માટે જેટલું જોખમ ખેડવા પડે તેટલું ઓછું..... "

" યાદ રાખજો, આ જીંદગીભરની ફકીરી છે;.... આ ધર્મયુદ્ધ છે; એક મહાવ્યાપક યજ્ઞ કરીએ છીએ. અને એમાં સૌએ હોમાઇ જવાનું છે. તમારી અશક્તિ હોય તો તમે ખસી જજો. તમારી અશક્તિ એ તમારી શરમ નથી પણ મારી શરમ છે, કારણ, મને પ્રભુએ જે શક્તિ આપી છે તે તમારા સૌમાં છે. આત્મામાત્ર એક છે....."

આજે દાંડીકૂચને ૯૧ વર્ષ પૂરા થયા આ લડત વખતે ગાંધીજીની ઉંમર ૬૧ વર્ષની હતી. ગાંધીજીની ઉંમર જોતા અમદાવાદના શેઠ ચીનુભાઈ બરોનેટ એ એક સફેદ ઘોડો કુચ સાથે મોકલ્યો હતો. ગાંધીજીથી કદાચ ચાલી ના શકાય તો આ ઘોડા ઉપર બેસી કુચ પૂરી કરી શકાય. પરંતુ પહેલા બે દિવસ (અસલાલી,બરેજા અને નવાગામ) સારી રીતે ચાલી શકાયું અને એટલો બધો થાક પણ ના લાગ્યો એટલે નવાગામથી ઘોડાને આભાર સાથે અમદાવાદ પરત મોકલી આપવામાં આવ્યો.

‘મારું જીવન એ જ મારો સંદેશ’ કહેનાર ગાંધીજીના જીવનમાં અને કાર્યમાં સ્વચ્છતા એવી તો વણાઈ ગઈ હતી કે બાપુને યાદ કરતાં સહજપણે જ સ્વછતા વિષેના તેમનાં કાર્યો નહીં તો તે વિષેનો તેમનો પ્રેમ તો યાદ આવી જ જાય... તેમને મન સ્વછતા એ માત્ર કચરો સાફ કરવાના સ્થૂળ અર્થમાં નહીં પરંતુ કોઈ પણ વસ્તુના યોગ્ય અને કરકસરયુક્ત ઉપયોગ વડે ઓછામાં ઓછો બગાડ થાય અને બધું જ એ રીતે વપરાયા પછી પણ જે કચરો નીકળે તે યોગ્ય જગ્યાએ પહોંચે

એવા સૂક્ષ્મ અર્થમાં છે... ટૂંકમાં સ્વચ્છતા એ કોઈ પ્રક્રિયા નથી પણ રોજબરોજની જીવનશૈલીનો એક ભાગ છે.

ગાંધીજીના જીવનની કેટલીક રસપ્રદ ઘટનાઓ વિશે જોઈએ...

૧.) ચંપારણની વાત છે. ત્યાંના નીલવરોના (ગળીની ખેતી કરાવનાર અંગ્રેજ ગોરા લોકોને માટે વપરાતો શબ્દ નીલવર) અન્યાય ને અત્યાચારોની બાપુએ તપાસ શરૂ કરેલી અને પ્રજામાં કંઇક ચેતન આવ્યું હતું. બાપુએ ઠેકઠેકાણે શાળાઓ ખોલેલી તેની પણ લોકો પર સારી અસર થવા માંડી હતી. ગોરા નીલવરો આથી ગભરાયા હતા.

કોઇએ બાપુને કહ્યું, "અહીંનો અમુક નીલવર સૌથી દુષ્ટ છે. તે આપનું ખૂન કરાવવા માગે છે ને તેને માટે તેણે મારા રોક્યા છે." આ સાંભળીને બાપુ એક દિવસ રાત્રે એકલા પેલા ગોરાને બંગલે પહોંચ્યા ને કહેવા લાગ્યા: "મેં સાંભળ્યું છે કે મને મારી નાખવા માટે તમે ગોરાઓ રોક્યા છે, એટલે કોઇને કહ્યા વગર હું એકલો આવ્યો છું." પેલો બિચારો સ્તબ્ધ થઇ ગયો.

૨.) બિરલા કુટુંબ સાથે ગાંધીજીને ઘણો જ ગાઢ સંબંધ હતો. દિલ્હીમાં તેઓ બિરલા ભવનમાં જ ઊતરતા. તેમના જેવા મૂડીવાદીને ત્યાં ગાંધીજી રહેતા તેથી પ્રજાના એક વર્ગને એ ગમતું નહીં. બિરલા ગાંધીજીનો ખોટી રીતે લાભ ઉઠાવે છે એવું પણ એ વર્ગ કહેતો. તેમને ગાંધીજી વિનોદમાં કહેતા કે, 'હું પાકો વાણિયો છું. બિરલાજી મને વટાવી શકે એમ નથી.'

એક વાર બિરલા ભવનમાં ગાંધીજીનો વસવાટ હતો. સવારમાં તેઓ સ્નાનની તૈયારીમાં હતા. પણ નાહવાની ઓરડીમાં બિરલાજી સ્નાન કરતા હતા. તેઓ સ્નાન કરીને બહાર આવ્યા પછી ગાંધીજી અંદર ગયા. અંદર જઈને જોયું તો બિરલાજીનું ભીનું ધોતિયું પડેલું હતું. તેને બાજુએ મૂકીને સ્નાન કરવા કરતાં ગાંધીજીએ તે જાતે જ ધોઈ નાખ્યું અને પછી નાહવા બેઠા. બિરલાજીનો નોકર ધોતિયું લેવા આવે તે પહેલાં તો દ્વાર બંધ થઈ ગયેલું. ગાંધીજીએ પોતાનો કચ્છ પણ જાતે જ ધોઈ નાખ્યો. એ બંને કપડાં લઈ તેઓ બહાર આવ્યા અને દોરીએ સૂકવતા હતા તે દરમિયાન બિરલાજી ઉતાવળા આવી પહોંચ્યા:

'અરે બાપુ ! બાપુ ! આ શું કરો છો ?' કહી પોતાનું ધોતિયું ગાંધીજીના હાથમાંથી ખેંચવા લાગ્યા. આ બનાવથી તેમને માઠું લાગ્યું.

ધોતિયું સૂકવતા સૂકવતા ગાંધીજી બોલ્યા : 'મેં ધોયું તેથી બગડી શું ગયું ? અંદર પડેલું હતું. તેના પર કોઈનો મેલો પગ પડે તેના કરતાં ધોઈને સ્વચ્છ કર્યું એ તો સારું જ થયું ને ?'

'બાપુ.....' બિરલાજી ગણગણ્યા. ગાંધીજી જેવા મહાપુરુષે પોતાનું ધોતિયું ધોયું તેનો ખેદ અને નાહવાની ઓરડીની તરત સાફ કરવાની બેદરકારી માટે બિરલાજીને પશ્ચાત્તાપ થવા લાગ્યો. શું બોલવું તે તેમને સમજાયું નહીં. પછી થોડી વારે તેઓ બોલ્યા : 'આટલો બધો કામનો બોજો હોવા છતાં બાપુ ! તમે એ શા માટે ધોયું ?'

ગાંધીજી : 'જીવનમાં સ્વચ્છતાના કાર્ય સિવાય વળી બીજું મોટું કાર્ય કયું ?'

બિરલાજી શું બોલે ?

સ્વચ્છતા વિશે ગાંધીજીના કડક આગ્રહનો ખ્યાલ બિરલાજીને હતો જ પણ સ્વચ્છતાની આટલી ઊંચી માત્રાનો અનુભવ તો આ પ્રસંગે જ થયો.

3.) મનુબહેન ગાંધી સાથેનો આ પ્રસંગ છે. નોઆખલી ને બિહારના (કોમી રમખાણો) યજ્ઞમાં ઝંપલાવ્યા પછી 1947ની 30મી માર્ચના રોજ બાપુજીને લૉર્ડ માઉંટબૅટનને મળવા જવાનું થયું. વાઇસરૉયે તો બાપુજીને વિમાનમાં મળવા બોલાવેલા. પણ "જે વાહનમાં કરોડો ગરીબો મુસાફરી ન કરી શકે તેમાં મારાથી કેમ બેસાય?" એમ કહી તેમણે તેનો ઇનકાર કર્યો. અને "ટ્રેનમાં પણ હું તો મારું કામ સારી રીતે કરી લઉં છું, એટલે હું તો આગગાડીમાં જ આવીશ." એવો નિશ્ચય કર્યો.

ગરમી અસહ્ય હતી. ચોવીસ કલાકનો રસ્તો હતો. એમણે મને બોલાવીને કહ્યું; "ઓછામાં ઓછો સામાન અને નાનામાં નાનો ત્રીજા વર્ગનો ડબ્બો પસંદ કરવાનો."

મેં સામાન તો ઓછામાં ઓછો લીધો. પણ સ્ટેશને સ્ટેશને બાપુજીના દર્શનાર્થીઓની એટલી ભીડ જામશે કે ઘડીયે એમને આરામ નહીં મળે; આમ વિચારીને મે બે ખાનાંવાળો ડબ્બો પસંદ કર્યો. એકમાં સામાન રખાવ્યો અને બીજામાં બાપુજીને સૂવા બેસવાનું રાખ્યું.

પટણાથી દિલ્હી જતી ટ્રેન સવારે 9-30 વાગ્યે ઊપડે. ગરમીના દિવસોમાં બાપુજી બપોરનું ભોજન 10 વાગ્યે લેતા. હું બીજા ખાનામાં જઇ સામાન ખોલી બાપુજી માટે ખાવાનું તૈયાર કરવા ગઇ. થોડી વારે બાપુજીવાળા ખાનામાં આવી. બાપુજી તો લખવામાં પડ્યા હતા. મને પૂછ્યું."ક્યાં હતી?" મેં કહ્યું, "અહીં ખાવાનું તૈયાર કરતી હતી." તેમણે મને બારીએથી બહાર નજર નાખી જોવાનું કહ્યું. મેં બહાર જોયું તો લોકો લટકતા હતા. મને મીઠો ઠપકો મળ્યો:"આ બીજા ખાનાનું તેં કહ્યું હતું ?"

મેં કહ્યું :"હા બાપુજી, હું અહીં જ બધું કામકાજ કરું-સ્ટવ પર દૂધ ગરમ કરું, વાસણો સાફ કરું, તેથી આપને તકલિફ પડશે એમ જાણીને મેં બીજા ખાનાનું કહ્યું."

"કેવો લૂલો બચાવ છે ! આંધળો પ્રેમ તે આનું નામ. એક સ્પેશિયલ પાછળ કેટલી ગાડીઓ રોકાય અને કેટલા હજારનું ખર્ચ થઇ પડે? એ મને કેમ પોસાય? હું જાણું છું કે તું આ બધું મારા ઉપરના અત્યંત પ્રેમને વશ થઇને કરે છે. પણ મારે તો તને ઊંચે ચડાવવી છે, નીચે નથી પછાડવી, એ તારે સમજવું જોઇએ. અને સમજી હો તો હું તને કહી રહ્યો છું અને તારી આંખમાંથી પાણી પડી રહ્યાં છે તે ન પડવાં જોઇએ. હવે એનું પ્રાયશ્ચિત્ત એ જ કે, તું બધો સામાન અહીં ખસેડી લે અને આગળનું સ્ટેશન આવે ત્યારે સ્ટેશન-માસ્તરને મારી પાસે બોલાવજે."

હું તો થરથર કાંપતી હતી. સામાન તો ખસેડ્યો, પણ અમને બાપુજીની ચિંતા થતી હતી કે હવે કેમ થશે?વળી ટ્રેનમાં લખવાનું, વાંચવાનું, માટી લેવાનું, કાંતવાનું, મને ભણાવવાનું વગેરે બધું જ કામ !જેટલું ઘરમાં બેઠાં કરવાનું રહે તેટલું જ ટ્રેનમાં મુસાફરીમાં પણ ચાલુ રહે !

અંતે સ્ટેશન આવ્યું. સ્ટેશન-માસ્તરને બોલાવ્યા. બાપુજીએ એને મારું પરાક્રમ કહ્યું કે, "આ છોકરી મારી પૌત્રી છે, પણ બિચારી ભોળી ભલી છે. હજુ મને કદાચ સમજી નહીં હોય, તેથી જ આ બે ખાનાં પસંદ કર્યાં.એમાં એનો દોષ નથી. દોષ મારો જ. મારી કેળવણી એટલી અધૂરી હશે ને? હવે

મારે અને એણે બંની પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું. એટલે આ ખાનું ખાલી કરી નાખ્યું છે. તેનો ઉપયોગ તમે વધારાના પૅસેંજર લટકે છે તેને માટે કરો; તો જ મારું દુ:ખ હળવું થશે."

સ્ટેશન-માસ્તરે ઘણી આજીજી કરી,પણ બાપુજી ક્યાં માને તેવા હતા? સ્ટેશન-માસ્તરે ત્યાં સુધી કહ્યું કે, "હું એ લોકો માટે બીજો ડબ્બો જોડાવી લઉં."

બાપુએ કહ્યું:'બીજો ડબ્બો તો જોડવો જ જોઇએ, પણ આનો ઉપયોગ કરી લો. જે ન જોઇતું હોય છતાં વધારે મળે છે તે વાપરવું, તેમાં હિંસા છે. મળતી સગવડનો દુરૂપયોગ કરાવી આ છોકરીને તમે બગાડવા માગો છો?" બિચારા સ્ટેશન-માસ્તર ઝંખવાણા પડી ગયા અને અંતે બાપુજીનું કહેવું માનવું પડ્યું.

સ્વચ્છતા વિશે મહાત્મા ગાંધીજીના 10 વિચાર

1. મહાત્મા ગાંધીએ કહ્યુ હતુ કે રાજનીતિક સ્વતંત્રતાથી વધુ જરૂરી સ્વચ્છતા છે.
2. જો કોઈ વ્યક્તિ સ્વચ્છ નથી તો તે સ્વસ્થ નથી રહી શકતો.
3. સારી સાફ સફાઈથી જ ભારતના ગામને આદર્શ બનાવી શકાય છે.
4. શૌચાલયને આપણા ડ્રોઈંગ રૂમની જેમ સ્વચ્છ રાખવુ જરૂરી છે.
5. નદીઓને સ્વચ્છ રાખીને આપણે આપણી સભ્યતાને જીવંત રાખી શકીએ છીએ.
6. પોતાની અંદરની સ્વચ્છતા પ્રથમ વસ્તુ છે. જેને શિખવવી જોઈએ. બાકી વાતો ત્યારબાદ થવી જોઈએ.
7. દરેક વ્યક્તિએ પોતાનો કચરો પોતે જ ઉઠાવવો જોઈએ.
8. હુ કોઈને ગંદા પગ સાથે મારા મનમાંથી પસાર થવા દઉ નહી.
9. પોતાની ભૂલને સ્વીકારવી ઝાડુ લગાવવા સમાન છે જે જમીનને ચમકદાર અને સ્વચ્છ કરી દે છે.
10. સ્વચ્છતાને તમારા આચરણમાં એ રીતે અપનાવી લો કે તે તમારી આદત બની જાય.

ગાંધીજી ઉપર 'Un to the last' જ્હોન રસ્કિનના વિચારનો પ્રભાવ તો બીજી બાજુ 'ટોલ્સ્ટોય'ના વિચારોનો પ્રભાવ સર્વોદયના નામે ઝીલાયો હતો. ફળ સ્વરૂપ તેમનું જીવન દિન-પ્રતિદિન સાદું થતું ગયું. તેની અસર પોશાક પર પણ પડી. વિલાયત હતા ત્યારે કોટ પાટલૂન અને નેક ટાઇવાળો પોશાક પહેરતા. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહી તરીકે તેનો ત્યાગ કરી ઝભ્ભો અને પાયજામો પહેરવો શરૂ કર્યો. હિંદમાં આવ્યા પછી કાઠિયાવાડી લાંબો ફેંટો, અંગરખું, ખમીસ, ખેસ અને પગથી પાની સુધીનું લાંબું ધોતિયું પહેરવા લાગ્યા. એક વાર રેલવેની મુસાફરી દરમિયાન ત્રીજા વર્ગના ડબ્બામાં ગાંધીજી મુસાફરી કરી રહ્યા હતા. ડબ્બામાં એક ઉતારુ સાથે ખાદી પહેરવા અંગે સંવાદ શરૂ થયો. તમે ખાદી કેમ પહેરતા નથી ? ગાંધીના આ સવાલ સામે ઉતારુએ કહ્યું : અરે, તમારા જેટલા ખાદીના કપડાં પહેરીએ તો દેવાળું ફૂંકવાનો વારો આવે. ઉતારુનું આ વાક્ય ગાંધીજીને તીરની જેમ હૃદયમાં ભોંકાયું. કાઠિયાવાડી પોશાકનો તત્કાળ અસરથી ત્યાગ કરવાનો નિર્ણય લીધો. માત્ર શિર પર ટોપી, કફની અને ટૂંકી ધોતી પહેરવા શરૂ કર્યા.

આગળ જતાં આ પોશાક પણ લાંબો ન ચાલ્યો. દેશમાં અંગ્રેજો સામે અસહકારની ચળવળ ચરમસીમા પર હતી. મદ્રાસ પ્રાંતમાં મજૂરોની એક સભામાં ગાંધીજી પ્રવચન આપી રહ્યા હતા. પરદેશી વસ્ત્રોની હોળી કરવાની અને ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવાનું એલાન આપ્યું. તમારી પાસે જે કોઈ પરદેશી વસ્ત્રો હોય તેની આજ ને આજ હોળી કરો. એક ગરીબ ચીંથરેહાલ મજૂર સ્ત્રી આગળ આવી. રડમસ અવાજે કહ્યું : બાપુ ! તમારી વાત સાચી છે પણ મારી પાસે આ એક જ વસ્ત્ર છે. બાળી દઈએ તો પહેરીએ શું ? ગરીબ મજૂર સ્ત્રીનો આ પ્રશ્ન ગાંધીજીના હૃદયમાં સોંસરવો ઊતરી ગયો. ગાંધીજીને હિંદની દરિદ્રતાનું આ નવું દર્શન લાદ્યું. ગરીબ દેશમાં પહેરવાના પૂરતાં કપડાં ના હોય, અર્ધનગ્ન અવસ્થામાં લોકો જીવતા હોય ત્યાં આટલાં બધાં કપડાં પહેરવાનો મને કોઈ જ નૈતિક અધિકાર રહેતો નથી. હૃદય દ્રવી ઊઠયું. એક નવું જ હૃદયમંથન શરૂ થયું જે મૃત્યુપર્યંત લંગોટીભેર રહેવાનો નિર્ણય લીધો. માત્ર માતાઓ, બહેન-દીકરીઓની મર્યાદા જળવાય તે માટે ઘૂંટણ સુધી ઉપર સાથળ ઢંકાય એ રીતે કચ્છ પહેરવાનું શરૂ કર્યું. આમ પોશાકની ક્રાંતિ પરાકાષ્ઠાએ પહોંચી.

**સંદર્ભ**


1. ગાંધી મોહનદાસ (2012) મારા સ્વપ્નનું ભારત, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
2. ગાંધી મોહનદાસ (2012) ગ્રામ સ્વરાજ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
3. ગાંધી મોહનદાસ (2014) સત્યના પ્રયોગો, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
4. ગાંધી મોહનદાસ (1940) ગાંધી વિચાર દોહન, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
5. પટેલ મગનભાઇ (2013) ગાંધીજીનું ધર્મદર્શન, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય
6. મકનજી લલ્લુભાઈ (2005) સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ, અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.
7. ભટ્ટ ઉષાબેન (1982) અમદાવાદ શહેરની સ્ત્રી નેતૃત્વ શક્તિ, (1920 થી 1947) અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી.